

## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’ ગ્રંથમાંથી
## સમ્યક્જ્ઞાનની પ્રવૃત્તિ વિષયક વચનામૃતો

### સમ્યક્જ્ઞાનની પ્રવૃત્તિ

વિકલ્પાત્મક નિર્ણય છૂટીને સ્વઆશ્રિત જ્ઞાન ઉઘડે છે. જે જ્ઞાન સુખને આપે છે- તે જ જ્ઞાન છે. (૪૬૨)

❁

વિકલ્પ ઊઠે તો એમ કહે કે ‘હે ગુરુ ! આપ મારા સર્વસ્વ છો’ (પરંતુ) તે જ સમયે અભિપ્રાય તો (એમ) કહે છે કે ‘મારે તમારી જરૂરત નથી,’ ‘મારું સર્વસ્વ તો મારી પાસે છે’ એટલો વિશ્વાસ અને (સ્વરૂપનો) ઉલ્લાસ તો જરૂર આવી જવો જોઈએ કે (મારા કાર્ય માટે) મને દેવ-ગુરુની પણ જરૂર નથી; સાંભળવા-કરવાની પણ જરૂર નથી, મારું કાર્ય મારા (અંતર-પુરુષાર્થ)થી જ થશે. (૪૬૮)

❁

સ્વાધ્યાય આદિનું વિકલ્પવાળું જ્ઞાન છે તે તો આકુળતાની સાથે અભેદ છે; અને સહજજ્ઞાન ત્રિકાળીસ્વભાવની સાથે અભેદ છે. (જેમાં નિરાકુળતા છે.) (૫૭૦)

❁

‘હું નિષ્ક્રિય ત્રિકાળી છું’ આ ચશ્માં લગાવીને દેખવાથી બધા ગુણ પોતાનું કાર્ય કરે છે, તેમાં સહજ જ્ઞાન અને પુરુષાર્થ આવી જાય છે.

(સહજ સ્વરૂપમાં) સાધક-બાધક કોઈ નથી. આ ચશ્માં લગાવાથી અર્થાત્ ધ્રુવની મુખ્યતામાં બધું યથાર્થ દેખાય છે. સાધક-બાધકભાવ પર્યાયમાં છે, ‘હું તો ધ્રુવ છું.’ (૬૦૧)

❁

‘પ્રતિ સમયના પરિણામ’ (-વ્યવહાર) તે કાળે માત્ર જાણેલું પ્રયોજનવાન છે બસ ! એટલી જ મર્યાદા છે. (૬૧૪)

❁

જ્ઞાનની પર્યાય જ્ઞેયની સાથે સંબંધ રાખે છે. જ્ઞાયકનો સંબંધ કોઈની સાથે નથી. (‘હું અસંગ તત્ત્વ છું.’) (૬૧૯)

❁

સમ્યગ્દષ્ટિને રાગ પ્રત્યે પીઠ છે, (પરંતુ) મુખ નથી.

‘હું’ તો સદા અંતર્મુખ છું, ‘મારે’ વિકલ્પ સાથે સંબંધ નથી; તો બીજાની તો શું વાત ? આત્મા જ નિજવૈભવ છે. (૬૨૪)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૧ : અંક-૨૦૯, વર્ષ-૧૯, ફેબ્રુઆરી-૨૦૧૫

## કારતક વદ ૧, બુધવાર, તા.૧૫-૧૧-૧૯૭૮, બહેનશ્રીના વચનામૃત-૩૮૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૧૫૧

**જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. ૩૮૦.**

૩૮૦ બોલ છે. બહુ સાદા દૃષ્ટાંતથી વસ્તુ સિદ્ધ કરી છે. આપણે ગુજરાતીમાં તો એમ કહે, કંચનને કાટ લાગે નહિ. **'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી,...'** ઊધઈ-ઊધઈ. અહીંયા એમ કહે છે. 'જેમ કંચનને કાટ લાગતો નથી,...' કંચનને કાટજંગ નથી લાગતો. આહા..હા..! **'અગ્નિને ઊધઈ લાગતી નથી,...'** ઊધઈ-ઊધઈ હોય છે ને ? **'અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ...'** આહા..હા..! **'જ્ઞાયકસ્વભાવમાં...'** ભગવાન જ્ઞાયકસ્વભાવ વસ્તુ, જે દ્રવ્યસ્વભાવ છે એને આવરણ નથી. દ્રવ્યને આવરણ નથી. આહા..હા..! વસ્તુને આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. બહુ ઝીણી વાત છે. આહા..હા..! આવરણનું નિમિત્ત અને રાગનું નિમિત્ત તો એક સમયની પર્યાયની સાથે છે. વસ્તુમાં આવરણ નથી. આહા..હા..! ચૈતન્યદ્રવ્ય જે વસ્તુ છે, એમાં આવરણ નથી. અગ્નિમાં ઊધઈ નથી, કંચનને કાટ લાગતો નથી. એમ ભગવાન આત્મામાં આવરણ નથી. દ્રવ્યમાં આવરણ છે જ નહિ. આહા..હા..! આ તો મૂળ ચીજ છે.

**'ઊણપ...'** નથી. ઊણપ નથી. વસ્તુ સ્વભાવ છે એમાં ઊણપ નથી. એ તો પૂર્ણ પૂર્ણ વસ્તુ છે. આહા..હા..! **'ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.'** વસ્તુમાં અશુદ્ધિ કેવી ? એક સમયની પર્યાયમાં અશુદ્ધતા છે. એક સમય. વસ્તુ છે એ તો ત્રિકાળી શુદ્ધ જ છે. આહા..હા..! **'અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી...'** આહા..હા..! એકલો માલ છે. તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર લગાવીને... આહા..હા..! કેમ કે દ્રવ્ય છે એ અનાવરણ છે, અશુદ્ધિ નથી, ઊણપ નથી. પૂર્ણ છે. એવા વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ લગાવ, તને સમ્યગ્દર્શન, આત્માનું અવલોકન થશે. આહા..હા..! આત્મ અવલોકન. આત્મા નિરાવરણ, ઊણપ નહિ, અશુદ્ધતા નથી. એવી પૂર્ણ, નિરાવરણ, શુદ્ધ એવી ચીજ જે આત્મતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ

છે એને ઓળખીને. આહા..હા..! એવા દ્રવ્યને, આત્મતત્ત્વને ઓળખીને. આહા..હા..! આ જાણવાનું છે. બાકી બીજી વાતું ગમે તે જાણી હોય (બધું થોથા છે). આહા..હા..!

**'તું તેને ઓળખી તેમાં લીન થા...'** એનું જ્ઞાન કરીને એમાં લીન થા. દર્શન-ચારિત્ર હવે આવશે. આહા..હા..! ઝીણી વાત બહુ પણ મૂળ અત્યારે લોકોને એવું લાગે કે વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... વ્યવહારથી .. પણ વ્યવહારથી લાભ થવા માટે કહ્યું છે. એ તો બધી ખબર નથી ? વાંચ્યું નથી ? એ તો એમાં વ્યવહાર ભેદ પાડ્યા વિના સમજે નહિ એટલે વ્યવહારથી સમજાવે છે. એ તો ૮-૯ ગાથામાં આવ્યું ને ? આહા..હા..! વ્યવહારથી સમજાવે માટે વ્યવહાર કરનારને અનુસરવા લાયક છે અને સાંભળનારને અનુસરણ કરવા લાયક છે, એમ નથી. આ મોટો ફેર અત્યારે. આહા..હા..!



એક સમયની પર્યાય છે. પણ એ પર્યાય અનુસરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! રાગ છે તો એ પણ અનુસરવા કે આશ્રય કરવા લાયક નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ હોય પણ એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! આશ્રયઅવલંબન કરવાલાયક તો એક પ્રભુ ! નિત્યધાતુ ધ્રુવ... આહા..હા..! એનું અવલંબન લે. એને ઓળખ. પર્યાયને ઓળખ કે રાગને ઓળખ એમ અહીં નથી કહ્યું. આહા..હા..! **'તેને ઓળખી...'** તો જે જ્ઞાન થશે એ બધા ભેદને, રાગને, નિમિત્તને જાણી લેશે. આહા..હા..! આવી વાત છે.

**'તું તેને ઓળખી...'** આહા..હા..! એટલે કોઈ ઓળખાવનાર છે તો ઓળખે છે એમ નથી. તું તેની ઓળખાણ કર. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ સ્વરસ, ચિદ્‌ઘન ધ્રુવ, નિરાવરણ, ઊણપ નથી, અશુદ્ધતા નથી. એવી ચીજને ઓળખીને... આહા..હા..! **'તેમાં લીન થા..'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણ...'** જેટલા ગુણો છે... આહા..હા..! એની ચમક. પર્યાયમાં એની ચમક... આહા..હા..!

દ્રવ્ય લીધું. જ્ઞાયકસ્વભાવ દ્રવ્ય લીધું. એમાં આવરણ નથી, ઊણપ નથી, અશુદ્ધતા નથી. એને ઓળખીને પર્યાયથી લીન થા, પર્યાય અંદર દ્રવ્યમાં લીન થાય, તો સર્વ ગુણો, તેમાં આવી ગયા. તો જેટલા પરિપૂર્ણ ગુણો છે એ બધા ગુણોની ચમક પર્યાયમાં આવશે. આહા..હા..! આવી સાદી ભાષા ને...

જ્ઞાયકભાવ ધ્રુવ ચૈતન્ય ત્રિકાળ નિરાવરણ... આહા..હા..! ત્રિકાળ પૂર્ણ, ત્રિકાળ શુદ્ધ. ત્રિકાળનો અર્થ વર્તમાન પૂર્ણ શુદ્ધ. એવી ચીજને પર્યાયદૃષ્ટિ છોડીને અંતરદૃષ્ટિ લગાવી, ઓળખી તેમાં લીન થા. આહા..હા..! **'તો તારા સર્વ...'** જેટલા ગુણ છે તે સર્વ ગુણની પર્યાયમાં વ્યકત પર્યાય ચમક પ્રગટ થશે. આહા..હા..! એ ગુપ્તરૂપ છે, અનંત ગુણ જે ગુપ્તરૂપ છે એ દ્રવ્યને ઓળખી તેમાં લીન થવાથી એ ગુપ્ત શક્તિની વ્યક્તતા થશે. આવી વાત છે. આહા..હા..! કહો, આવી વાત છે. ધર્મ ક્યાં પ્રગટે ? કોને અવલંબે પ્રગટે ? અને ગુણ કેટલા અંદર છે ? એ દ્રવ્યનું અવલંબન લેવાથી જેટલા ગુણ છે એટલી પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા થશે. આહા..હા..! આવી સાદી ભાષા ! આહા..હા..!

મુમુક્ષુ : સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.

પૂજ્ય ગુરુદેવશ્રી : તે સમકિત. આ તો દ્રવ્ય-ગુણ.

ત્રિકાળ જ્ઞાયકભાવ, અનાવરણ, પૂર્ણ અને શુદ્ધ, અપૂર્ણ નહિ, અશુદ્ધિ નહિ, એનો અર્થ પૂર્ણ શુદ્ધ. એવી મોજૂદગી ધરાવતી ચીજ છે. સત્ એવી હયાતી ચીજ છે. એ ધ્રુવ, એને પર્યાયમાં ઓળખી, પર્યાયને એમાંથી ઓળખીને... આહા..હા..! દ્રવ્યને દ્રવ્યથી ઓળખાતું નથી. આહા..હા..! આવી વાત. મંત્રો છે આ તો, ભાઈ ! અરે..! ક્યારે આ ? એકાંત એકાંત લોકો તાણીને પડ્યા છે ને. આને એકાંત કહે છે. અરે..! એને ખબર નથી. ભાઈ ! એ દુનિયા માનશે. દુનિયા પાગલ છે બિચારી. ખબર ન મળે. આહા..હા..! તેથી વસ્તુનું સ્વરૂપ એમ નહિ થઈ જાય. આહા..હા..! પર્યાયમાં વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો... કરતા કરતા નિશ્ચય થશે. આહા..હા..! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, અપવાસ, સંયમ લઈ લ્યો, ચારિત્ર ગ્રહણ કરો. આ સમકિતદર્શન વિના. આહા..હા..! આવું છે.

શાસ્ત્રમાં એવું આવે કે સમકિતી જ્ઞાની આટલી નાની પ્રતિમા પણ સ્થાપે, તો એના પુણ્ય સરસ્વતી ન કહી શકે. આવે છે કે નહિ ? 'પદ્મનંદિ પંચવિંશતિ' આહા..હા..! પણ એનો અર્થ શું ? જેને આત્મજ્ઞાન થયું છે, હું પૂર્ણાનંદ પ્રભુ છું એવું વેદન થયું છે એને એવો ભાવ આવે છે. તો એ ભાવથી પુણ્યબંધ થાય છે. પુણ્ય કેટલા ? કે એ તો પુણ્યાનુબંધી પુણ્ય છે. એટલું કહેવું છે. આહા..હા..! એનાથી કોઈ આત્માને લાભ છે (એમ નથી). એવી વાતું આકરી લોકોને પડે. પ્રતિમા સ્થાપે, નાખે જરી એમ કે... આહા..હા..! શું આજે કામ કર્યું ! એ તો શુભભાવ છે. એ શુભભાવ બંધનું કારણ છે. આહા..હા..! દૃષ્ટિ જ્યાં શુદ્ધ ચૈતન્ય ઉપર પડી, એના અવલંબને જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ, એ તો શુભભાવને જાણે છે. મારી છે અને મેં કરી, એમ વાત નથી. આહા..હા..! અરે..! આવું ! આહા..હા..!

ભાઈ ! ચોરાશી લાખના અવતાર... આહા..હા..! ૨૫-૫૦-૧૦૦ માણસ કુટુંબી હોય, પૈસાવાળા કરોડપતિ હોય, એકલો માણસ વેદન કરી... આહા..હા..! ડબલ ન્યુમોનિયા (થયો હોય). પીડાનો પાર ન મળે. આંખમાંથી આંસુ ચાલ્યા જતા હોય. એ દેહ છોડી, પ્રભુ ! અજ્ઞાનપણે આત્માનું ભાન નહિ... આહા..હા..! એ ક્યાં જઈને ચોરાશીના અવતારમાં અવતરે. ભાઈ ! એ અવતરવાનું કારણ મિથ્યાત્વભાવ છે, પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય નિરાવરણ વસ્તુ, એને ઓળખ. જ્ઞાનમાં એને જ્ઞેય બનાવ. આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એને જ્ઞેય બનાવ અને એમાં લીન થા. આહા..હા..! આવી સાદી ભાષા. આવી વાત લોકોને એવું લાગે. આમાં કાંઈ સમજાય નહિ ઝટ શું કરવું એ. એટલે એને લાગે કે આ તો.. બાપુ ! માર્ગ જ આ છે. ગમે તેટલો વિકૃત થયો, પણ સ્વભાવ જે પૂર્ણ છે એમાં અપૂર્ણતા આવી નથી. આહા..હા..! એ વિકૃત અવસ્થા ઉપર... ઉપર.. ઉપર.. ઉપર થઈ છે. સ્વભાવમાં બિલકુલ કમી આવી નથી. આહા..હા..! અને જેવો સ્વભાવ હતો એવી દૃષ્ટિ જ્યાં થઈ, (ત્યાં) વિકૃત અવસ્થા ઉપર હતી એ નીકળી જાય છે. આહા..હા..! આવી વાતું છે. એમાં દસ-દસ હજાર, વીસ-વીસ હજારની સભા ભરાય. રાજી થાય. આ વાતમાં કાંઈ પકડાય નહિ, તો રાજી શી રીતે થાય ? ઓલા તો કહે, દેશ સેવા કરો, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. તમારું કલ્યાણ થશે. માણસ આમ સાંભળીને રાજી થાય. એ તો મિથ્યાત્વનું પોષક છે. આહા..હા..!

મુમુક્ષુ : આત્માના દેશની સેવા...

પૂજ્ય ગુરુદેવશ્રી : આ આત્માની ... નથી, પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! એ આનંદના ડુંગર, સાગર પ્રભુ નિરાવરણ અંદર પડ્યો છે. એ ચૈતન્યરત્નાકર, આ સ્વયંભૂ સમુદ્ર જેમ સ્વયંભૂ આત્મા... આહા..હા..! પોતાની ભૂમિકામાં જે અસંખ્ય પ્રદેશમાં સ્વયં અનંત ગુણથી ભરેલો છે, પ્રભુ ! આહા..હા..! એને તું પર્યાયદૃષ્ટિ, રાગદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિને છોડીને (ત્યાં દૃષ્ટિ લગાવ). આહા..હા..! અહીં તો નિશ્ચય ત્યારે થાય છે. ઓલો કહે કે નિશ્ચય સિદ્ધમાં થાય. અરે..! પ્રભુ ! શું કર્યું તેં ? અરે..! ભાઈ ! આહા..હા..!

વસ્તુ અંદર નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ પૂર્ણ છે એનું અવલંબન લેતાં જ ધર્મ થાય છે. બાકી વ્યવહારથી અને નિમિત્તથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી, દેવ-ગુરુની વાણીથી પણ નથી થતું. આહા..હા..! આવું છે. શાંતિનું કામ, શાંતિથી કામ ચાલે એવું છે. આહા..હા..! ભાષા તો જુઓ ! એ વસ્તુ જે નિરાવરણ, પૂર્ણ શુદ્ધ (છે) એ ચીજને ઓળખીને લીન થવું. આહા..હા..! તદ્દન સાદી ભાષા. એકલું બાર અંગનું તાત્પર્ય. આહા..હા..!

'**તું તેને ઓળખી તેમાં લીન થા...**' આહા..હા..! '**તો તારાં સર્વ ગુણરત્નોની...**' જે શક્તિરૂપ ગુપ્ત છે ગુણો એને ઓળખીને, લીન થતાં '**સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.**' પર્યાયમાં. આહા..હા..! અંદર ઝળકી ઉઠશે. શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી સર્વ શક્તિઓ ચમકી ઉઠશે. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? આવી વાત સાંભળનારા પણ થોડા હોય. ઓલું કહ્યું ને ? 'વીરલા જાણે તત્ત્વને, વીરલા સાંભળે કોઈ.' વીરલા માને... આહા..હા..! સાડા ચાર લીટી છે. સાડા ચાર પણ પૂરી નથી. એમાં એટલું ભર્યું છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેની વાત (આવી ગઈ). આહા..હા..! દ્રવ્ય કેવું ? કે અનંત પૂર્ણ ગુણ ભર્યા એવું. અને તેને ઓળખીને લીન થતાં શું થાય છે ? કે જેટલા અનંત ગુણ છે એટલી પર્યાયમાં ચમક પ્રગટ થશે. અંશ વ્યક્ત થશે. આહા..હા..! કહો, ભાઈ ! આ તમારા ઝવેરાતની મજૂરીમાં કાંઈ નથી. એ બધા કોલસા છે. લાખ પેદા કરે, બે લાખ પેદા કરે તો... આહા..હા..! અને ઓલો વળી ત્યાં પેદા કરે મોટું. 'હોંગકોંગ'માં. આહા..હા..! લાખ રૂપિયા અહીંયા આપ્યા, ફલાણાને આપ્યા. પણ એ તે શું ? એ તો એક શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! એના નાના ભાઈ છે. લાખ રૂપિયા આપ્યા છે ત્યાં. 'ભાવનગર'. સાહિત્ય સસ્તુ કરવા માટે. એ તો હોય. મેરુ પર્વત મોટો કરોડોનો બનાવે. એ ક્રિયા તો જડની એને કારણે થાય છે. એ કંઈ આત્મા કરી શકતો નથી. એને કરવાનો ભાવ હોય. કરોડો રૂપિયા, અબજો રૂપિયા ખર્ચે એ તો શુભભાવ છે. માન માટે, મારી પ્રસિદ્ધિ થશે (એવો ભાવ હોય) તો તો પાપ છે. આહા..હા..! આવી વાતું આકરી બહુ, બાપા ! આહા..હા..! બહુ સરસ પેરેગ્રાફ છે. પેરેગ્રાફ કહેવાય ને ?


મુમુક્ષુ : ટૂંકામાં..

પૂજ્ય ગુરુદેવશ્રી : ટૂંકામાં તો એકલો માલ. શરૂઆતથી પૂર્ણ કેમ થાય ? આહા..હા..! બાકી પંડિતાઈ-પંડિતાઈ તારી એક કોર પડી રહી. આહા..હા..! એ પેરેગ્રાફ પૂરો થયો.

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, રવિવાર તા. ૨૨-૩-૨૦૧૫ થી ચૈત્ર સુદ ૫, મંગળવાર તા. ૨૪-૩-૨૦૧૫ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચાર થી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠ થી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૨૪-૩-૨૦૧૫, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાત થી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.



## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૫૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૨૬-૫-૧૯૮૩, પ્રવચન નં.૧૧૧ (વિષય : વિધિ)

**આ આત્મા સ્પર્શ રસ આદિ વિનાનો ને પુદ્‌ગલ તથા બીજા ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે. જાણન શક્તિ ચેતનાગુણમય શક્તિ તે આત્માને બીજા દ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે. ૨૫૪.**

૨૫૪. આ ૧૭૨ ગાથા જે 'પ્રવચનસાર'ની અલિંગગ્રહણની છે એના ઉપરનો બોલ છે. અહીંથી એ બોલ શરૂ થાય છે. કેટલા (છે) ? ચારેક બોલ એના ઉપર છે. ચાર બોલ છે એના ઉપર. 'પ્રવચનસાર'. ગાથા-૧૭૨.

**'આ આત્મા સ્પર્શ રસ આદિ વિનાનો ને પુદ્‌ગલ તથા બીજા ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણયપણું છે.'** આમ લેવું છે. ભેદજ્ઞાન કરવું છે તો ભેદજ્ઞાનનો પ્રયોગ કરવામાં પ્રયોગનું સાધન શું ? એનો આ ઉત્તર છે. આત્મામાં જે ચેતનાગુણમયપણું છે તે એવું વિલક્ષણ પ્રકારે છે કે જે જુદું તરે છે, જુદું રહે છે, કોઈની સાથે ભળતું જોવામાં આવતું નથી. સ્પર્શ, રસ વગેરે કે જે પુદ્‌ગલના ગુણો છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ એ બધા એના જે (ગુણો) છે. આદિમાં બધા લઈ લેવા. આ આત્મા તે પુદ્‌ગલના સર્વ પ્રકારના ગુણ વિનાનો છે. અને એ પુદ્‌ગલ તથા એ સિવાયના બીજા ચાર અજીવ છે-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળાણુ અને આકાશ. એવા જે **'ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે,...'** હવે એ પુદ્‌ગલ અને બીજા ચાર (અજીવ દ્રવ્યો), એ પાંચે અજીવથી જે ભિન્ન છે, એ ભિન્ન છે એ ભિન્નપણે જાણવાનું, ભિન્નપણે ગ્રહણ કરવાનું સાધન શું ? ભિન્ન પડવાનું સાધન શું ?

ચેતના ગુણમયપણું છે તે સાધન છે. ચૈતન્યગુણ છે સદાય પ્રગટ એવો અને નિરંતર અનુભવમાં આવતો એવો. ચેતના ગુણ છે ને ? એ સદાય પ્રગટ એવો અને નિરંતર અનુભવમાં આવતો એવો જે ચેતનાગુણ છે, તે દ્વારા પાંચે અજીવ જુદા પડી જાય છે. કેમકે એનામાં ચેતનપણું નથી. ચેતનાગુણપણામાં ચેતવું. ચેતવું એટલે અનુભવવું. ચેતવું એટલે અહીંયાં અનુભવવું. પોતાનો પોતાને અનુભવ થાય છે એવું ચેતનાગુણમયપણું-ચૈતન્યતત્ત્વ એવું આત્મામાં રહેલું છે. ચેતનાગુણમયપણું આત્મા જે ચૈતન્યતત્ત્વસ્વરૂપ છે એમાં રહેલું છે. એટલે પોતે પોતાને અનુભવે એવા ગુણમયપણું છે તેના દ્વારા તે પાંચેય અજીવથી ભિન્ન પડી જાય છે-જુદો પડી જાય છે. કેમકે પોતાના અનુભવમાં પોતાને અનુભવતા એમ જોવે છે, એમ અનુભવ છે કે આમાં તો કોઈ અજીવનો અનુભવ થતો નથી.

કોઈ અજીવનો આત્મામાં અનુભવ થતો નથી. આકાશ આત્મામાં અનુભવાતું નથી. કાળાણુ આત્મામાં અનુભવાતા નથી, ધર્માસ્તિ-અધર્માસ્તિ આત્મામાં અનુભવાતા નથી. જેમ એ ચારેય અનુભવાતા નથી તેમજ પાંચમું પુદ્‌ગલ પણ આત્મામાં અનુભવાતું નથી.

અહીંયાં થોડી તકલીફ થાય છે કે આ ચારની તો ખબર પડતી નથી પણ આ સ્પર્શ-રસની તો ખબર પડે

છે. બે વાત લીધી છે એ જરા સન્નિકર્ષથી પકડાય છે ને ? સ્પર્શ અને રસ. જીભ ઉપર સ્વાદ આવે છે ત્યારે એમ થાય છે કે જાણે આત્મામાં કાંઈક અસર થઈ. આત્માના પરિણામ ઉપર કાંઈક અસર થઈ. સ્પર્શમાં પણ એમ લાગે છે કે આત્મા ઉપર કંઈક મને અસર થઈ. મને અડ્યું. સ્પર્શાયું, રસાસ્વાદ આવ્યો, મને થયું એવું લાગે છે.

કહે છે કે, ભાઈ ! તું તો નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપ છો. 'ચિત્સ્વભાવાય ભાવાય' નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપ છો, નિર્વિકલ્પ ચૈતન્ય અનુભવસ્વરૂપ છો. એમાં આ રસ-સ્પર્શના ભેદ-વિકલ્પો ક્યાંય પણ છે નહિ. એનું પ્રતિબિંબ પડે તોપણ એ જ્ઞેયાકારને તો ગૌણ રાખવા જેવા છે.

માનો કે જ્ઞાનમાં સ્પર્શ જણાયો, રસ જણાયો, તો એ જ્ઞાનમાં મુખ્ય કરવા જેવી ચીજ નથી. અત્યારે કેરીની Season ચાલે છે. ઘણા બધા માણસને કેરી બહુ ભાવે. પણ ભાઈ ! એ જ્ઞેયાકારે થતો જે રસ, આવો રસ, આવો રસ, એમ એ બાજુ તું ઉપયોગમાં મુખ્ય થઈને જાય છે, એના બદલે તારા તે વિનાના એકલા જ્ઞાનને તું જોને, તું અનુભવ કરને, એમ કહે છે. એ જ્ઞાન રસવાળું થતું નથી. ક્ષણભર તને એમ લાગે છે કે મારામાં કાંઈક આવે છે. પણ એ તો કોરે કોરું જ રહે છે. જેમ જીભ કોરી રહે છે, તેમ જ્ઞાન પણ તેનાથી કોરું રહે છે. કે રસ ચોંટેલો રહે છે ત્યાં ? ભૂલાઈ જવાય છે. થોડીવાર પછી તો એ કેવો સ્વાદ હતો એ ભૂલાઈ જાય છે. લાંબા કાળે તો સાવ ભૂલાઈ જાય છે, ઠીક ! આવો વિષય છે.

હવે એક ક્ષણિક ભ્રાંતિમાં એ રોકાય છે કે મને... મને... મને... મારામાં મને આમ થાય છે. કહે છે કે એમ તું જ્ઞેયાકાર જ્ઞાનને મુખ્ય કરતાં તારી જે જ્ઞેયલુબ્ધતા છે એમાં પર સાથેની તન્મયતા ઊભી થઈ જાય છે. એ અશાંતિનું કારણ છે, એ દુઃખનું કારણ છે, લ્યો ! જીવને જે દુઃખનું કારણ છે એ આ છે મૂળમાં. જ્ઞેયલુબ્ધતા અથવા જ્ઞાનમાં જ્ઞેયાકાર ઉત્પન્ન થતાં તેની મુખ્યતા. બેય એક જ વાત છે. સમજાવવાની શૈલી જુદી છે. જ્ઞેયલુબ્ધતામાં જ્ઞેયના નિમિત્તે વાત ચાલે છે. તેની ને તેની વાત જ્ઞાનના નિમિત્તે કરવી હોય તો જ્ઞાનાકારની મુખ્યતા થાય છે. કહે છે કે તું એકલા નિર્વિકલ્પ જ્ઞાનને જો. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા સદાય ચૈતન્યગુણ-મયપણે અનુભવમાં આવે છે. એનાથી જુદું પડવાનું સાધન છે. એ જુદું પડવાનું સાધન છે. આ બહુ મુદ્દાનો વિષય છે.

ભેદજ્ઞાનમાં જુદું કયા સાધનથી પડવું ? કે જેને આત્માનો અનુભવ કરવાની ઘણી ઉગ્ર લગની છે એવો જીવ જ્યારે ભેદજ્ઞાન કરે છે ત્યારે, બીજાને તો ભેદજ્ઞાન થવાનો, આદરવાનો અવસર આવતો નથી. વિચાર ભલે કરે ભેદજ્ઞાનના. વિચાર જુદી વાત છે, Practical સાવ જુદી વાત છે.

અહીંયાં એમ કહે છે કે ચૈતન્યને પકડીને. ચેતનાગુણમયપણું એટલે ચૈતન્યને પકડીને. નિર્વિકલ્પ ચિત્સ્વરૂપને પકડીને રાગથી અને પુદ્ગલથી ભિન્ન પડવાનું જે સાધન છે, એ સાધનથી ભિન્ન પડી શકાય છે અને બીજો કોઈ આની અંદર વિધિમાં પ્રયોગ છે નહિ. આ પ્રયોગ સિવાય બીજા કોઈ પ્રકારે એ કાંઈ કરવા જાય તો એ કલ્પનાએ ચડીને ઊંધું મારશે. એટલે કે મિથ્યાત્વને દઢ કરશે. આમ છે.

જે પ્રત્યક્ષ સમાગમને સત્શાસ્ત્રોની અંદર વારંવાર વિશેષપણે કહેવામાં આવ્યો છે એનું કારણ આ છે કે આ વાત એને સમજાવી એ એને પ્રત્યક્ષ યોગ વગર બનતું નથી. કેમકે જે પ્રત્યક્ષ ચૈતન્યના અનુભવવાળા સાતિશય પરિણામ છે અને તે સાતિશય પરિણામપૂર્વક જેનો વચનવ્યવહાર છે એટલે જેના વચનોમાં એની ઝળક છે, એમાં એનો સંકેત બહાર આવે છે. વસ્તુ તો એવી અંદરમાં અનંતી ગૂઢ રહી જાય છે કે એને અવક્તવ્ય છે એમ કહીને જ્ઞાનીઓને વિષય છોડી દેવો પડે છે. અનુભવનો વિષય અવક્તવ્ય છે એમ કરીને જ્ઞાનીઓ પણ છોડી દે છે, અનુભવીઓ પણ છોડી દે છે.

મુમુક્ષુ :- સંકેત કરીને.

પૂજ્ય ભાઈશ્રી :- સંકેત કરે છે કે, જો ભાઈ ! આ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એકલું જે ચૈતન્ય છે, સામાન્ય ચૈતન્ય છે એ નિર્વિકલ્પ અને નિરાકાર છે. જ્ઞાનમાં ઉત્પન્ન થતાં જ્ઞેયાકારો વિનાનું છે. રાગ અને વિકલ્પ વિનાનું તો છે, જડ અને પુદ્ગલ વિનાનું તો છે, પણ તારી અવસ્થામાં થતાં જ્ઞેયાકારો વિનાનું એ ચૈતન્ય છે. આ સાધન છે એમ કહેવું છે. એના દ્વારા એ ગ્રહણ થાય છે. બીજી કોઈ રીતે ગ્રહણ થતું નથી. ભેદજ્ઞાન કેમ થાય એ આ વિષય છે.

મુમુક્ષુ :- પ્રસંગે-પ્રસંગે પણ જ્ઞાનને મુખ્ય કરે...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્વિકલ્પ ચૈતન્યને મુખ્ય કરે છે. જ્ઞાનને એટલે આ જાણે છે, આ જાણે છે તે જ્ઞાન... આ જાણે છે તે જ્ઞાન... આ જાણે છે તે જ્ઞાન.. એ તો જ્ઞેયાકાર જ્ઞાન છે. એ જ્ઞેયાકાર જ્ઞાનની મુખ્યતા તો જ્ઞેયલુબ્ધતાને વશ થાય છે. એ જ્ઞેયલુબ્ધતા છે એ પરિણામને પરમાં તન્મય કરે છે. બધા ગુણોના પરિણામને લીન કરે છે. એટલે આખો આત્મા પરમાં લીન થઈ જાય છે. ત્યારે એને મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન અને અવ્રત ત્રણે પ્રકારનો દોષ ગણવામાં આવે છે. દ્રવ્યલિંગી હોય તોપણ એને મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન અને અવ્રત છે. પંચ મહાવ્રતની દીક્ષા અંગીકાર કરી હોય તો એને અવ્રત છે, હોં ! હજી તો ચોથું ગુણસ્થાન થાય તોપણ હજી અવ્રત હોય છે. પણ એ સમ્યગ્દર્શન સહિતનું અવ્રત છે. દ્રવ્યલિંગીને પણ. આ તો પહેલું ગુણસ્થાન છે.

મુમુક્ષુ :- સામાન્ય ધ્રુવ છે એને મુખ્ય કરવાની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય ધ્રુવ છે, સામાન્ય ચૈતન્ય છે એનું પણ પ્રગટ લક્ષણ છે. એ લક્ષણ પણ નિર્વિકલ્પ અને પ્રત્યક્ષ છે, તેના દ્વારા આખા પરિપૂર્ણ તત્ત્વનું અંતર અવલંબન લેવું. એ અવલંબન લેતાં ભિન્ન પડી જવાય છે, એમ કહે છે. એ અવલંબન ભિન્ન પડવાનું સાધન છે. બીજી કોઈ રીતે ભિન્ન પડાતું નથી. કેમકે દિશા છે ને ? એ અંતરની દિશા ન વળે, પરિણામ અંતર્મુખ ન વળે ત્યાં સુધી એને ભિન્ન કેવી રીતે પડવું ? રાગાદિ એની અવસ્થામાં છે. સ્પર્શ, રસના સ્વાદ, સ્પર્શાદિનું જ્ઞાન એના જ્ઞાનમાં જ્ઞેયાકારરૂપ થાય છે. ભિન્ન કેમ પડવું ? કે અંતર્મુખ જે તત્ત્વ છે, એ બાજુ અંતરમાં વળતાં ચેતનાગુણમયપણે એને ગ્રહણ કરતાં એનાથી ભિન્ન પડી જવાય છે.

**'તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે. રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે.'** ગાથાનો આ મૂળ શબ્દ છે. રૂપ, રસ, ગંધ, અરસ, સંસ્થાન નથી પણ ચૈતન્યગુણમયપણું છે. અલિંગગ્રહણ છે. અલિંગગ્રહણની સાથે સાથે એક શબ્દ લીધો છે ચેતનાગુણમયપણું છે. એ વાત લીધી છે. એ ગાથા ૪૯મી 'સમયસાર'માં છે. 'સમયસાર'માં એક Paragraph ચેતનાગુણમયપણા ઉપર બહુ સારો લીધો છે. મૂળ ગાથા લઈએ.

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ-લિંગ થકી નહીં.**

આ નહિ... આ નહિ... આ નહિ... શબ્દ નહિ, રસ નહિ, રૂપ નહિ, ગંધ નહિ, વ્યક્તિ નહિ, સંસ્થાન નહિ, લિંગ નહિ. એ તો બધા નાસ્તિમાં જાય છે. ચેતનાગુણ અસ્તિમાં જાય છે અને અસ્તિથી પકડાય છે. અસ્તિથી પકડાય ત્યારે જુદો પડે છે. ત્યાં સુધી નહિ... નહિ... નહિ... નહિ... કરતાં તો જુદો પડતો નથી. એટલી વાત તો વેદાંતે પકડી છે.

વેદાંત દર્શનમાં જે બુદ્ધિવાળા થયા, ઘણી બુદ્ધિવાળા થયા. ઋષિઓ, મુનિઓ થયા, એણે જે એના તત્ત્વજ્ઞાનની રચના કરી છે, એમાં એ વિષય લીધો છે કે પરમબ્રહ્મ. આત્મા એટલે પરમબ્રહ્મ કહ્યો. પરમબ્રહ્મ કેવો ? કે આ નહિ... આ નહિ.. આ નહિ... આ નહિ... આ નહિ... ન ઈતિ... ન ઈતિ... ન ઈતિ... ન ઈતિ... ન ઈતિ. કેવો પરમબ્રહ્મ છે ? કે જેને નેતિ નેતિ કહીને વેદો પોકારે છે એવો છે. એમ આવે છે. ન ઈતિ એટલે નેતિ. એની સંધિ થઈ જાય છે. નેતિ નેતિ કહીને પોકારે છે. આ નહિ... આ નહિ... આ નહિ... એ આ નહિ અને આ,

એમ બેય અસ્તિ-નાસ્તિથી અહીંયાં એક જ ગાથામાં સ્પષ્ટ કરેલું છે. એમાં આ ચેતનાગુણની વાત છે કે પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે એટલે વેદનગોચર છે. પ્રકાશ એટલે વેદન. સ્વસંવેદન સ્વરૂપ છે તેથી જીવ ચેતનાગુણવાળો છે. આ પ્રકારે ચેતનાગુણવાળો છે. ચેતનાગુણની આટલી પરિભાષા કરી.

એ રીતે વેદનથી ચેતનાગુણમયપણે પોતાને અનુભવતા જીવ જુદો પડી જાય છે. આ જ એક જુદા પડવાનો, ભિન્ન પડવાનો પ્રકાર છે અને તે જ સિદ્ધિનો ઉપાય છે, બીજો કોઈ આત્મસિદ્ધિનો ઉપાય છે નહિ. એ વાત અહીંયાં લીધી છે. વિશેષ લઈશું...

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૫૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૨૭-૫-૧૯૮૩, પ્રવચન નં.૧૧૨ (વિષય : વિધિ)

(પુદ્‌ગલ પર્યાયોનું) આત્માને જ્ઞાન થતું હોવા છતાં તે સ્પર્શ, રસ વગેરે જ્ઞાનમાં જ્ઞેયરૂપ થવા છતાં જ્ઞાન તેનાથી ભિન્ન જ રહે છે. હવે જ્ઞાન તેનાથી ભિન્ન રહે છે એ સમજાય અને જ્ઞાન તેનાથી ભિન્ન રહે છે એમ અનુભવાય, એમ બે પ્રકાર પડે છે. શું થાય છે ? પ્રથમ એ વાત સમજવામાં આવે છે. સમજણમાં સંમત થાય છે ત્યારે એને ત્યાંથી આગળ વધવાનું બાકી રહે છે. જેને સમજણમાં સંમત થતું નથી, જડ-પુદ્‌ગલ પદાર્થો અને તેના ગુણ-પર્યાયોથી આ આત્મા ભિન્ન છે, એના વિનાનો છે. શરીરાદિ પુદ્‌ગલ એકક્ષેત્રાવગાહ સંયોગ હોવા છતાં તેનાથી અત્યારે જ ભિન્ન છે અને એના વિનાનો છે, શરીર વિનાનો છે, એમ સમજણમાં સંમત ન થાય ત્યારે તો જ્ઞાનમાં અનેક વિપરીત સંસ્કારોનું હજી ઘણું જોર વર્તે છે એમ સમજવું જોઈએ. પણ એ સમજણમાં સંમત થાય કે બરાબર છે, એ વાત એમ જ હોવા યોગ્ય છે, ત્યારે એવી સંમત (થવાની) ભૂમિકામાત્રથી સંતોષાવા જેવું નથી. કાર્ય તો ત્યારપછી શરૂ થાય છે. સમજાયું એટલે કાર્ય થયું એમ નહિ લેતાં એ સમજાયા પછી કાર્યની શરૂઆત થાય છે, કાર્ય શરૂ કરવાનું હજી બાકી રહે છે, એમ પણ સમજણમાં સાથે સાથે હોવું જોઈએ.

નહિતર આપણા સમાજમાં 'ગુરુદેવ'ની કૃપાથી ત્યાં સુધી તો મોટાભાગના જીવો આવી ગયા છે કે જડ, પુદ્‌ગલાદિ અનેક પુદ્‌ગલના દ્રવ્ય-ગુણ-પર્યાયોથી, શરીરાદિથી, રાગાદિથી આત્મા ભિન્ન છે, એના વિનાનો છે. એની તો લગભગ સમજણ છે. પણ અહીંયાં ભિન્ન પડવાનું સાધન એમ લીધું છે. એટલે ભિન્ન અનુભવ કરવાનું સાધન શું છે ? એ વિષય અહીંયાં ચર્ચે છે.

**'તેને ભિન્ન પાડવાનું...'** એટલે ભિન્ન અનુભવ થવાનું **'સાધન તો ચેતના ગુણમયપણું છે...'** આત્મામાં જે ચેતનાગુણ છે તેનાથી આત્મા સંયુક્ત છે એટલે નવો સંયોગ પામેલો છે એમ નહિ, પણ તે ચેતનાગુણમયપણે છે. એમ લેવું છે. ચેતનાગુણ એ જ એનું સ્વરૂપ છે. અથવા ચેતનાગુણમયપણે આત્માનું સ્વરૂપ છે. એમ ચૈતન્યને ગ્રહણ કરતાં ચૈતન્યમાં પોતાપણું છે તે અનુભવગોચર થતાં, પોતાપણું નવું કરવું નથી, પોતે ચૈતન્યસ્વરૂપે છે તેવો અનુભવ કરતાં **'રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે.'** જુઓ !

**'તેને ભિન્ન પાડવાનું...'** એટલે અજીવ અને પુદ્‌ગલથી ભિન્ન પાડવાનું અને **'રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે.'** આમ ક્ષયોપશમમાં, બુદ્ધિમાં એમ લાગે કે જડ અને પુદ્‌ગલથી તો આત્મા ભિન્ન છે. એ તો સ્થૂળ વાત લાગે છે. પણ રાગ અને વિકલ્પથી ભિન્નપણું છે એ જરા સૂક્ષ્મ લાગે છે. ખરેખર તો બંને સૂક્ષ્મ છે. અનુભવની અપેક્ષા લેવા જાય

તો અનુભવમાં તો બંને એટલા જ સૂક્ષ્મ છે. કેમકે જે જ્ઞેયો જ્ઞાનમાં પ્રતીબિંબિત થાય છે ત્યારે સીધું એકત્વને કારણે એવો અનુભવ થાય છે કે મને ઠંડુ લાગ્યું, આ ગરમી મને લાગે છે, આ ખાટું, ખારું, તીખું રોજ મને લાગે છે. મારામાં તેની અસર થાય છે અને અસર ન થાય તો તીવ્ર ખારું હોય, તીવ્ર કડવું હોય, માથાના વાળ ઊભા થઈ જાય એમ કહે છે ને ? કડવું કરિયાતું એ બધા એવા દ્રવ્યો છે કે જાણે અંદરમાં કડવાશ વ્યાપી જતી હોય, એવું લાગે છે. વસ્તુતાએ ભિન્ન ચૈતન્યના અનુભવમાં એમ નથી. એનાથી ભિન્ન રહેવું એ જરા સૂક્ષ્મ વિષય છે.

પણ એનો નિકાલ, એનો ઉકેલ એ પ્રકારે છે કે જો ચેતનાગુણમયપણે પોતે છે એમ અનુભવગોચર કરે એટલે નિર્વિકલ્પ ચૈતન્યને પોતાપણે ગ્રહણ કરે, પોતાની હયાતીને એ વેદે, જે પ્રકાશમાન છે તેને આવિર્ભૂત કરે, પ્રકાશમાન છે એટલે વેદનગોચર છે-વેદનસ્વરૂપ છે, તેને અનુભવગોચર કરે, આવિર્ભૂત થઈને અનુભવગોચર કરે ત્યારે તે તેનાથી ભિન્ન પડી શકે છે. નહિતર અનાદિનો અધ્યાસ છે-રાગને, વિકલ્પને, સ્પર્શાદિને, રસ વગેરેને એકત્વપણે, પોતાપણે, પોતામાં અનુભવ કરવાનો જે અધ્યાસ છે, એ અધ્યાસ એને છૂટતો નથી.

વેદવાનો જીવનો સ્વભાવ છે. એ ક્યાં તો પોતાના સ્વરૂપને વેદે અને નહિ તો એ પરને પોતાપણે વેદે. પણ વેદ્યા વિના તો રહેવાનો નથી. હવે અનાદિથી પરને સ્વપણે વેદે છે એ મટાડવું છે. એટલું કાર્ય થવું આવશ્યક છે એમ જોઈને અહીંયાં એમ કહે છે કે એને ભિન્ન પાડવાનું સાધન ચેતનાગુણમયપણું છે. જે 'મય' શબ્દ લીધો છે એ પોતાપણે, અભેદ ભાવે અનુભવ કરવા માટેનો એની અંદર ધ્વનિ છે.

ચેતવું એટલે જ અનુભવવું એમ છે ખરેખર તો. જ્ઞાનમાં પરને જાણવાનો એક ખ્યાલ પહોંચે છે, એ બાજુ લઈ જવું નથી એટલે ચેતનાથી વાત લીધી છે. ૧૭-૧૮ ગાથામાં અનુભૂતિથી વાત લીધી છે. એ અનુભવરૂપ ભાવ કહો કે ચેતવારૂપ ભાવ કહો, એ બંને એક જ છે. અને તે ચેતવામાં પોતે પોતાને જે ચેતે છે એમાં કોઈ વિકલ્પનું ઉત્થાન એટલા માટે નથી કે ચેતનાર અને ચેતાનાર બંને એક જ છે. અનુભવનાર અને અનુભવાનાર બંને એક જ છે. જે ક્ષણે અનુભવનાર છે, તે જ ક્ષણે તે પોતે જ અનુભવાનાર છે. અનુભવમાં આવનાર પણ પોતે છે અને અનુભવનાર પણ પોતે જ છે.

વળી, સ્વરૂપથી તે અનુભવમાં આવતું તત્ત્વ વિકલ્પરહિત છે, રાગરહિત છે, જડ પુદ્‌ગલ અને એના ગુણ-પર્યાયોથી રહિત છે. તેથી તેનો અનુભવ થાય છે, તેમાં રાગનો અનુભવ, વિકલ્પનો અનુભવ કે જડનો અનુભવ થતો નથી. જ્યાં શુદ્ધોપયોગ થાય છે ત્યારે સ્પર્શાદિ વિષયોનું જ્ઞાન થતું નથી એમ કહેવાય છે. આવે છે ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં. જ્યારે નિર્વિકલ્પ અનુભવ થાય છે ત્યારે સ્પર્શાદિ વિષયનું જ્ઞાન થતું નથી એમ કહેવાય છે. જ્ઞાન થતું નથી એટલે શું ? કે એકાકાર ચૈતન્યને અનુભવમાં ઉપયોગ દ્વારા જ્યાં લીધો ત્યાં ઉપયોગનો વિષય તો એક કાળે એક રહે છે. એક કાળે બીજો વિષય થતો નથી. ત્યારે એને સ્પર્શાદિ હોવા છતાં એનું જ્ઞાન નથી. કેમકે એનો ઉપયોગ નથી. ઉપયોગ અનુભૂતિસ્વરૂપ અથવા ચેતનાગુણમય એવું જે આત્મતત્ત્વ-પોતાનું સ્વરૂપ, તેના અનુભવમાં ઉપયોગ જોડાઈ ગયો છે. તેના અનુભવમાં ઉપયોગ લીન થઈ ગયો છે. તેથી તે ઉપયોગને બીજો વિષય રહેતો નથી. બીજો વિષય ઉપસ્થિત હોવા છતાં તે જ્ઞાનમાં ઉપયોગ(રૂપ) વિષય થતો નથી. એ જ્ઞાનમાં ગૌણ કરતાં... કરતાં... કરતા... આ પરિસ્થિતિ આવે છે.

નહિતર એ પ્રશ્ન ઉઠે એવું છે કે એ તો નિર્વિકલ્પ ઉપયોગ હોય ત્યારની વાત છે, પણ સવિકલ્પ ઉપયોગ હોય ત્યારે તો બીજા પદાર્થોમાં ઉપયોગ જાય અને બીજા પદાર્થોમાં ઉપયોગ જાય ત્યારે 'મને તેનો અનુભવ થાય છે' ઠંડાપણાનો, ગરમપણાનો, સ્વાદ વગેરેનો એવો

અનુભવ થાય-ત્યારે શું કરવું ? નિર્વિકલ્પ ઉપયોગ તો થાય ત્યારની વાત ત્યારે છે. ત્યારે પણ એને એનું લક્ષ ન કરવું. સ્વરૂપ-આત્મા ચૈતન્યગુણમયપણે છે એનું લક્ષ રાખવું. જેનું લક્ષ રાખવામાં આવશે એની મુખ્યતા થશે અને બાકીનું બધું ગૌણ થશે.

અનુભવમાં આવતાં અનેક મિશ્રિત ભાવો હોવા છતાં પણ ભેદજ્ઞાન કરવાની વિધિ એ છે કે ચૈતન્યગુણમયપણે લક્ષિત થતો આત્મા લક્ષમાં રહે તો બીજા મિશ્રિત ભાવો સાથે ભેળા હોય તોપણ તે ગૌણ થઈ જાય છે, ગૌણ રહે છે. ગૌણ કરે છે એને એમ કહેવાય છે પણ ખરેખર ગૌણ થઈ જાય છે અને ગૌણ રહે છે. એને ગૌણ કર્યા એમ કહેવામાં આવે છે. એ જે સવિકલ્પ દશામાં ગૌણ કરવાની વિધિ છે એની ગૌણતાનું એ ફળ છે અને ચૈતન્યગુણમયપણાની મુખ્યતાનું એ ફળ છે કે ઉપયોગ પણ કાળાંતરે નિવૃત્ત થાય છે. ઉપયોગ પણ પર પદાર્થને વિષય કરતો... કરતો... કરતો... કરતો... જે પરિણમી રહ્યો છે, વિભિન્ન પ્રકારના જ્ઞેયોને ઉપયોગ જે વિષય કરી રહ્યો છે, એ વિભિન્ન પ્રકારના વિષયો વિષયભૂત થવાના કાળામાં પણ ગૌણ થાય છે, ત્યારે તેનું તે બાજુનું પરસન્મુખપણાનું જોર ઘટે છે. પહેલાં એનું બળ ઘટે છે પછી એનું એકત્વ તૂટે છે અને એ ઉપયોગ ત્યાંથી નિવૃત્ત થઈને પોતાના નિજ સ્વરૂપમાં લીન થાય છે.

એના બે પડખાં મુખ્ય છે કે એક તો પરપદાર્થમાં સુખ નથી. એવું એને પ્રત્યક્ષ પ્રતિભાસે છે અને પરપદાર્થને વિષય કરવા જનારો ઉપયોગ તે કાળમાં દુઃખ ભાવને જન્મ આપે છે, દુઃખને જન્મ આપે છે એવું પણ એને પ્રત્યક્ષ લાગે છે. અને એ સર્વ પદાર્થોની કાંઈ કિંમત નહિ રહી હોવાથી, જગતના તમામ પદાર્થ નિર્મૂલ્ય થઈ ગયા હોવાથી, એનું મૂલ્ય ચાલ્યું ગયું હોવાથી એનું આકર્ષણ એને મોહભાવે થતું નથી, મહિમાથી થતું નથી.

બીજું એનું પડખું એવું છે કે આત્મા જે ચૈનત્યગુણમયપણે છે એ સુખમય છે, અનંત સુખસ્વરૂપ છે અને તેથી તેના સામર્થ્યનો અનંત મહિમા એની સમજણમાં છે, એના અભિપ્રાયમાં છે. તેથી એ બાજુનું એક આકર્ષણ અંદરમાં ઊભું થયેલું છે. તેથી એ ઉપયોગ નિવૃત્ત થવાની શક્યતા પૂરેપૂરી ત્યાં ઊભી થઈ જાય છે. બહુ પાકીને ઉપયોગ અંદરમાં આવે છે. કોઈ પરાણે હઠથી ખેંચીને કોઈનો ઉપયોગ અંદરમાં આવતો નથી, આવી શકતો પણ નથી.

કોઈ એમ કહે કે એકાંતમાં બેસીને એવી સમાધિ લગાવું કે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ લઈને જ ઊભો થાઉં. એમ કોઈ ખેંચીને ઉપયોગને બહારમાંથી લાવવા માગે તો કરોડ ઉપાયે થાય એવું નથી. કોટી ઉપાયે એમ લીધું છે. એક-બે નહિ પણ કરોડ વાર એવું કરે એટલે અનેક વાર કરે તો એમ ન થાય. એની વાસ્તવિકતા છે. અને એ વાસ્તવિકતામાં આટલી ભૂમિકા પાકી ગયેલી હોય છે કે પરપદાર્થ પ્રત્યે જનારા ઉપયોગમાં એને સાથોસાથ રાગ થઈ આવતો હોવાથી એનું દુઃખ અનુભવાય છે. જે-તે પદાર્થોને વિષય કરતાં તે પદાર્થ મહિમા વિનાના, નિર્મૂલ્ય, નકામા, સુખ વિનાના, ખાલી ખોખા ભાસે છે, ખાલીખમ ભાસે છે.

જ્ઞાનની વિપરીતતામાં અને અવિપરીતતામાં આ ફર્ક પડે છે. વિપરીતતામાં એને સંયોગો બધા ભર્યા ભર્યા લાગે છે. આ મારું ઘર અને આ મારું કુટુંબ અને આ મારું મંડળ અને આ મારું Circle ને આ મારો સમાજ ને આ બધું મારું... મારું... મારું... મારું... એને ભર્યું... ભર્યું... ભર્યું... ભર્યું... લાગે છે. એ એના જ્ઞાનનો વિપર્યાસ છે. અવિપરીત જ્ઞાન થતાં અથવા ભૂમિકાનું જ્ઞાન ચોખ્ખું થતાં પણ એને એ બધું ખાલી... ખાલી... ખાલી... લાગે છે. ક્યાંય એને રસ આવતો નથી.

અંદરમાં એક એનું ઠરીને ઠરવાનું પરમ શાંતસ્વરૂપ જે છે ત્યાં જ એનું ચિત્ત સ્થિર થવાને ઈચ્છે છે. બહારમાં પણ એવું સ્થિર ન થવાય ત્યાં સુધી એવું કહેનારા કોઈ

હોય, એવા સત્પુરુષોના સંયોગમાં રહેવાને ચિત્ત ઇચ્છે છે. આમ અંતર-બાહ્ય બે પ્રકાર બને છે. અંતર સત્‌માં ચિત્ત સ્થિર થવા ઇચ્છે છે. બહારમાં કોઈ બહાર સત્‌ના ધારણ કરનારા હોય ત્યાં એનું ચિત્ત સ્થિર થવા ઇચ્છે છે. આ સિવાય બીજા કોઈ સંયોગમાં એને રસ પડતો નથી. અને છતાં જેટલા પરિણામ તે પ્રત્યે જાય તેમાં એને દુઃખ થાય છે. એ દુઃખ થાય છે તેથી એનો એને નિષેધ આવે છે, ખસવાનું વલણ થઈ આવે છે. ત્યાંથી ખસવાનું જે પરિણમનમાં વલણ રહે છે એ જ એની ભૂમિકાને પરિપક્વ કરતાં... કરતાં... કરતાં... ઉપયોગને પણ ત્યાંથી નિવૃત્ત કરી નાખે છે. સહજપણે ઉપયોગ પરમાં જતો અટકે છે અને અનંત મહિમાવંત એવા નિજ શુદ્ધ સ્વરૂપમાં એ સ્થિર થઈ જાય છે. એ સ્થિર થતાં પ્રથમ ક્ષણમાં જ એ અનંત ભવનો છેદ ઉડાડે છે, અનંત ભવને કાપે છે. તેથી એ લીધું.

આ અંદરનો અભ્યાસનો વિષય છે. અંદરમાં અભ્યાસ કરે. ચૈતન્યને ગ્રહણ કરવાનો ચેતનાગુણમયપણે હું છું એમ પોતાના અસ્તિત્વને, મોજૂદગીને અનુભવ કરવાનો પ્રયાસ કરે એટલે કે આવિર્ભાવ કરવાનો પ્રયાસ કરે, એ એને ભિન્ન પાડવાનું સાધન છે. એમાં અસ્તિ સ્વભાવ ચેતનાગુણમયપણું છે એ મુખ્ય છે. આચાર્યોએ અને ત્રણે કાળના જ્ઞાનીઓએ આ સાધન પ્રદર્શિત કર્યું છે. અભિન્ન સાધન છે આ. પોતામાં રહેલું પોતાથી આ અભિન્ન સાધન છે. ક્યાંય એને બહાર લેવા જવું પડે એવું નથી.

'**રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે.**' ચેતના સ્વભાવ. ગુણ એટલે સ્વભાવ. ચેતના સ્વભાવમયપણે પોતે છે. એમ પોતાના અનુભવથી, અનુભૂતિના સ્વરૂપને, અનુભૂતિના સ્વભાવને, આખા સ્વભાવને પોતાપણે ગ્રહણ કરે ત્યારે એ ભિન્ન પડે છે. આ સિવાય ભિન્ન પડવાનું બીજું કોઈ સાધન છે નહિ. સાધન નથી. રીત નથી, વિધિ નથી. આ એક જ વિધિ છે.

મુમુક્ષુ :- કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય.

પૂજ્ય ભાઈશ્રી :- જાગૃત થતાં એટલે 'હું ચૈતન્યમય છું', એમ જાગૃતિ આવે ત્યારે એને અનાદિનો વિભાવ ચાલુ હોવા છતાં 'હું એવો નથી' એમ એને જણાય છે. જેમ સ્વપ્નું પૂરું થતાંવેંત તત્‌ક્ષણ, જાગૃતિમાં તત્‌ક્ષણ એમ ખ્યાલમાં આવે છે કે સ્વપ્નામાં જેવો મને મારો અનુભવ થયો તેવો ખરેખર હું નથી. એવો અત્યારે નથી અને સ્વપ્નું ચાલતું હતું ત્યારે પણ હું એવો નહોતો. બરાબર છે ? જ્યારે સ્વપ્નું ચાલતું હતું ત્યારે જે અનુભવ થયો કે હું આવો, એ તો જૂઠનો અનુભવ હતો. એ કાંઈ સત્ય નહોતું. એમ પોતાના ચૈતન્યસ્વભાવમયપણાનું ભાન થાય છે, અનુભવ થાય છે ત્યારે અનાદિથી ચાલતો ચાલુ રહેલો જે વિભાવ એવો હું નથી, એવું જ્ઞાન થાય છે. એ જાગૃતિમાં-ચૈતન્યની જાગૃતિમાં એવું જ્ઞાન થાય છે.

જ્યારે એકત્વપણે એનો અનુભવ કર્યો હતો ત્યારે પણ હું એવો થઈ ગયો નહોતો એમ જાગૃતિમાં જ્ઞાન થાય છે. આ મનુષ્યાદિ પર્યાય વર્તે છે એ મનુષ્યપણારૂપે, મનુષ્યસ્વરૂપે હું નથી. હું તો પ્રત્યક્ષ નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપ છું, એકાકાર ચૈતન્યસ્વરૂપ છું, એમ એમાં જાગૃતિમાં આવે છે. મનુષ્યાદિ જે બહારમાં દેખાતો સ્વાંગ છે તે જગતના જીવોને વ્યવહાર કરવાનું નિમિત્તમાત્ર છે. જગતના જીવોને તે દ્વારા વ્યવહાર કરવાનું નિમિત્ત છે. પણ અંદરમાં ખરેખર હું એવો નથી, એમ એને ભાન થાય છે. ત્યારે એને એ જગતના તમામ વ્યવહાર અને આખી સૃષ્ટિ ગૌણ થઈ જાય છે. કોઈ પ્રસંગ પ્રત્યે એને મુખ્યતા આવતી નથી. ખરેખર તો કોઈ પ્રસંગને એ આત્માનો પ્રસંગ જ ગણતા નથી. કોઈ પ્રસંગને એ આત્માનો પ્રસંગ ગણતા નથી. તો એને શું ગણે છે ? કે એને કર્મપ્રસંગ ગણે છે. ઉદય પ્રસંગ કહો કે એને કર્મનો પ્રસંગ કહો. એ તો કર્મનો પ્રસંગ મારા સ્વરૂપથી બહાર ઊભો થાય છે કે

જેની સાથે મારે લેવા-દેવા નથી, મારે સંબંધ નથી. એવું જે એનું પરિણમન છે એને ભિન્ન પડેલું પરિણમન, જુદું પડેલું પરિણમન, એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અમને કોઈ ઓળખે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ન ઓળખે તો ઓળખાવીને તારે શું કામ છે ? એટલો સવાલ છે. બીજા ઓળખે તેથી તને સુખ પણ નથી અને બીજા ઓળખે તેથી તને દુઃખ પણ નથી. તારું જે સુખ-દુઃખનું પ્રયોજન છે એને બીજાના ઓળખવા સાથે કાંઈ લેવા-દેવા નથી.

સૌથી મોટા કોણ આ જગતમાં ? કહો, ભાઈ ! આ જગતમાં કયા જીવ સૌથી મોટા છે ? ચાલો પર્યાયે. આમ તો બધા સરખા છે. પણ મોટા કોણ છે ? સિદ્ધ પરમાત્મા સૌથી મોટા છે. પર્યાયે તો સિદ્ધ પરમાત્મા સૌથી મોટા છે કે નહિ ? કેટલા સિદ્ધ પરમાત્મા છે ? અનંતા છે. કોણ ઓળખે છે એને ? આ મારો પ્રશ્ન છે. કેમકે કોઈના નામ તો રહ્યા નહિ. અનામી એવા આત્મતત્ત્વને અશરીરી દશા પ્રાપ્ત થતાં કોઈના નામ રહ્યા નહિ. કેમકે નામ શરીરના પાડ્યા હતા. નામ શરીરના પાડ્યા હતા. એ બધા શરીરની બધી છેલ્લી ક્રિયાઓ થઈ ગઈ. નિર્વાણ પર્યંતની છેલ્લી ક્રિયાઓ થઈ ગઈ. એ તો શરીરની ક્રિયાઓ શરીરમાં થઈ ગઈ. હવે સૌથી મોટા એવા જે આત્માઓ છે, સિદ્ધાત્માઓ છે, પરમાત્માઓ છે એને કોઈ ઓળખતું નથી એનો તને વાંધો નથી, પણ આ શરીરધારી તું ફલાણો, એને ન ઓળખે તો તને સખ પડતું નથી.

મુમુક્ષુ :- અરિહંત અને સિદ્ધ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ અરિહંત ભગવાનને તો હજી નામ છે. અરિહંત ભગવાનને નામ છે. અરિહંત ભગવાનને બધા ઓળખે છે કે આ ફલાણા તીર્થંકર, આ ફલાણા કેવળી. એટલે અહીંયાં આપણે જે દૃષ્ટાંત આપવું છે એમાં એ અરિહંત ભગવાનનું દૃષ્ટાંત લાગુ ન પડે. બીજું, અરિહંત ભગવાન તેરમે ગુણસ્થાને છે. પછી હજી ચૌદમે એમને ઉપર ચડવાનું બાકી છે. અને એથી ઉપર જે સિદ્ધ દશા છે એ સિદ્ધાત્માની સર્વોત્કૃષ્ટ દશા છે. એટલે આમ અરિહંત કરતાં સિદ્ધ પરમાત્માની દશા સર્વોત્કૃષ્ટ છે. અરિહંત કરતાં પણ. સમજીએ તો. છતાં સર્વોત્કૃષ્ટ દશાના ધરનારા પરમાત્માઓને કોઈ ઓળખતું નથી.

અન્યમતિઓ તો એવું માનતા જ નથી કે આવા અનંતા સિદ્ધાત્માઓ છે. લ્યો, ઠીક ! અન્યમતિઓ કેટલા ? બહુમતિ તો એમની છે. બહુમતીએ ઠરાવ પસાર કરો કે સિદ્ધ પરમાત્માને ઓળખવા નહિ અને માનવા નહિ.

...પરિપૂર્ણ સિદ્ધ થવાનું ધ્યેય બાંધ્યું છે કે જેને કોઈ ઓળખવાના નથી. હા ! એટલી વાત છે કે જો તેં એવું ધ્યેય બાંધ્યું હોય કે આ જગતમાં મને બધા ઓળખે તો સારું. ઘણા ઓળખે તો સારું અને આખી દુનિયા ઓળખે તો સારું. સારી રીતે, હોં ! આમ તો ખરાબ માણસ થાય એનેય બધા ઓળખે છે. રામની સાથે રાવણની પ્રસિદ્ધિ થઈ, ગાંધીજી સાથે ગોડસેની પ્રસિદ્ધિ થઈ. એ ગ એ ગ આવ્યો અને ર એ ર આવ્યો. એમ નહિ. સારી રીતે, સારી છાપથી આખી દુનિયા મને ઓળખે એવો એક જીવને વ્યામોહ રહે છે. આ શું છે ? વ્યામોહ છે એટલે કે એ જીવની ભ્રમણા છે. એટલા માટે એ ભ્રમણા છે કે એનાથી જીવને કાંઈ લાભ નથી. ઊલટાનું એવા પ્રકારના લક્ષવાળા પરિણમનથી એને દુઃખ થાય છે. એ દુઃખી થાય છે પણ એને દુઃખની ખબર નથી અને ભ્રમણામાં અને વ્યામોહથી એને રસ ચડે છે કે મને બધા ઓળખે તો સારું... મને બધા ઓળખે તો સારું... મારી પ્રસિદ્ધિ થાય તો સારું, મારું નામ છપાય તો સારું, મારો ફોટો છપાય તો સારું, મારા સન્માન સમારંભ થાય તો સારું. અરે..રે..! બાપુ ! તું સર્વોત્કૃષ્ટ પદધારી, સિદ્ધપદધારી, ઉચ્ચપદધારી, નીચપદમાં મોટાઈ માની માનીને રાચે છે. તારી પણ ભ્રમણા કાંઈ ઓછી છે નહિ.

**(શેષ અંશ આવતા અંકમાં)**

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો

વ્યવહાર પરત્વે કોઈ રીતે, કોઈના સંબંધથી (ધાર્મિકક્ષેત્રમાં) લાભ લેવાનું સ્વપ્ને પણ ઈચ્છનીય નથી. (તે દર્શનમોહના આવરણનું કારણ છે).

મુમુક્ષુના પુરુષાર્થની Back Ground : થોડા કાળનો એક જન્મ (ભવ) પ્રારબ્ધ અનુસાર ગાળી લેવો; તેમાં દીનતા કરવી ઉચિત નથી. એ અડગ નિશ્ચય રાખવા યોગ્ય છે. અન્યથા પુરુષાર્થ ઉપડે જ નહિ. સર્વ પ્રસંગોમાં સહજ ભાવે વર્તવાનો અભ્યાસ રહે, તો નિવૃત્તિ રહે, અન્યથા પ્રવૃત્તિ / ઉપાધિ વહોરવી પડે. આ પ્રકારની દશા કેળવતાં ભવ-ઉદાસીપણું સિદ્ધ થાય. (૨૪૪)

❀

લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞાની વૃદ્ધિ થતાં, પરમાર્થના વિષયમાં જીવને કલ્પના થવા લાગે છે. આવી કલ્પના વાસ્તવિક વસ્તુ સ્વરૂપથી વિપર્યાસરૂપ છે, ભવના કારણરૂપ છે. તેથી ઓઘસંજ્ઞાની નિવૃત્તિ અર્થે જાગૃત રહી પુરુષાર્થ કર્તવ્ય છે. પ્રમાદમાં ઓઘસંજ્ઞા ચાલુ રહે તે હાનિકારક છે. લોકસંજ્ઞા તો પ્રત્યક્ષ ઝેર જ છે. (૨૪૫)

❀

જૂન - ૧૯૮૮

જ્ઞાનીનું ઉપજીવન અર્થાત્ દેહાદિક સંબંધી બાહ્ય પ્રવૃત્તિ, પૂર્વકર્મ અનુસાર થાય છે. જ્ઞાનને વિષે (સ્વરૂપને વિષે) પ્રતિબદ્ધતા થાય તેવું કાંઈપણ તેઓ કરતા નથી, કરવાનો પ્રસંગ પણ ઈચ્છતા નથી, સ્વરૂપ-અપ્રતિબદ્ધતા અર્થે, જે કાંઈ પૂર્વકર્મ અનુસાર ઉદય ભજે, તે તેમને સમ્મત છે. એવો દૃઢ નિશ્ચય સ્વરૂપાશ્રિત થયો છે, તેમને નમસ્કાર હો ! (૨૪૬)

❀

જેને દર્શનમોહ બળવાનપણે વર્તે છે અને તેથી જે પ્રત્યક્ષ જ્ઞાની - સત્પુરુષથી વિમુખ વર્તે છે, તેવા જીવોને સત્પુરુષની અવજ્ઞા બોલવાનું નિમિત્ત આપણાથી પ્રાપ્ત ન થાય તેટલો ઉપયોગ રાખી વર્તવું યોગ્ય છે. અણઉપયોગ (આ વિષયમાં) દોષ જાણવો.

સત્પુરુષનો અવર્ણવાદ કરવો, તેમાં ઉત્સાહિત થવું, તે જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે. પરંતુ સત્પુરુષના ગુણગ્રામ કરવાં, તેમાં ઉત્સાહિત થવું, તેમની આજ્ઞાએ 'સરળ પરિણામે' પરમ ઉપયોગથી વર્તવું, તે અનંત સંસારના નાશનું કારણ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. (કૃ-દેવ) (૨૪૭)

❀

મુમુક્ષુજીવે સિદ્ધાંત અને અધ્યાત્મ સંબંધી જરાપણ વિપર્યાસ ન થાય તેની અત્યંત સાવધાની રાખવી ઘટે છે; નહિ તો મિથ્યા આગ્રહથી કહેતાં / બીજાને પ્રેરતાં, પોતાને બોધ થવાની યોગ્યતા આવરણ પામે; એમ જાણી નિરાવરણ થવાના લક્ષે પણ દોષિત પ્રવૃત્તિથી અટકવું/ જાગૃત રહેવું હિતાવહ છે. ભવભીરૂ જીવ આવા દોષથી જાગૃત રહી બચે છે. ખાસ કરીને અધ્યાત્મરસથી વિમુખ ન થવાય તે ગંભીરપણે લક્ષમાં લેવા યોગ્ય છે. (૨૪૮)

❀

સમર્થ જ્ઞાનીપુરુષનાં પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં (દર્શાવતાં) એવા વચનો પણ જીવને લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગની રુચિવશ, નિજ સ્વરૂપનો વિચાર / નિશ્ચય કરવાનું બળ ઉત્પન્ન થવામાં સફળ થતાં નથી. ઉપરનાં અવરોધક કારણોને સાક્ષાત્ આત્મઘાતી જાણ્યા વિના, જીવને સ્વસ્વરૂપનો નિશ્ચય થવો - ભાવભાસન થવું અત્યંત દુર્લભ છે. (૨૪૯)

વેદનીય આદિ કર્મનો ઉદય ભોગવ્યા વિના છૂટવાની ઈચ્છા જ્ઞાનીપુરુષ કરે નહિ, કરે તો તે જ્ઞાની નહિ પણ દેહાધ્યાસી અજ્ઞાની છે. દેહાધ્યાસી અજ્ઞાની જ એવી ઈચ્છા રાખે, જ્ઞાનીને તો ભેદજ્ઞાન વર્તતું હોવાથી વેદનાનો ભય નથી પરંતુ વેદનાના ઉદયકાળે જ્ઞાની વિશેષ પુરુષાર્થ પરાયણ સહેજે રહે છે.

સર્વ કાળે થવા યોગ્ય જ થાય છે, તેથી તેવા સમ્યક્ સમાધાનપૂર્વક આકુળતા કરવા યોગ્ય નથી. જે કોઈ આકુળતા કરે છે તે અપરાધી થાય છે. તો પણ જે થવા યોગ્ય હોય તે જ થાય છે. તેથી જ્ઞાને કરી અપરાધ નિવારવા યોગ્ય છે. (૨૫૦)

❀

આત્માને મૂળ જ્ઞાનથી વમાવી દેવા સુધીની સ્થિતિ પ્રાપ્ત થાય તેવો વિકટ પ્રારબ્ધોદય અથવા પડવાના ભયંકર સ્થાનક – પ્રસંગોએ જાગૃત રહી, સાવચેત રહી, તથારૂપ પુરુષાર્થે જેમણે આત્મસિદ્ધિ સિદ્ધ કરી છે, તે સત્પુરુષના પુરુષાર્થને સંભારતા રોમાંચિત આશ્ચર્ય ઉપજે છે, યથાવત ભક્તિ ઊપજે છે. ''અહો ! જ્ઞાનીપુરુષની આશય ગંભીરતા, ધીરજ અને ઉપશમ ! અહો ! અહો ! વારંવાર અહો !'' શ્રીમદ્ રાજચંદ્રજી (૨૫૧)

❀

દુષ્કર એવી તૃષ્ણાનો યથાર્થ પરાભવ થવા અર્થે પ. કૃપાળુદેવ શ્રીમદ્જી એ મુમુક્ષુને બોધેલ ઉપદેશના મુદ્દા :

૧. આત્મહિતની તીવ્ર જિજ્ઞાસાવશ ભોગાદિ પ્રત્યે નીરસપણું, મોળાપણું.

૨. લૌકિક વિશેષતા દેખાડવાની બુદ્ધિ અર્થાત્ લોકસંજ્ઞા ઓછી કરવાથી.

૩. લૌકિક વિશેષતામાં કાંઈ સારભૂતતા નથી, તેવા નિશ્ચયથી–સમજણથી લોકસંજ્ઞા તોડવી.

૪. માત્ર આજીવિકા સિવાઈ વિશેષનું પ્રયોજન ન ભાસવું, તેથી મંદ (રસ) પરિણામે વ્યવસાયમાં પ્રવર્તવું, તેથી જે ઉપાર્જન થાય તેમાં સંતુષ્ટ રહેવું.

૫. સત્પુરુષ પ્રત્યે 'અનન્ય આશ્રયભક્તિ' થી વર્તવું.

૬. પૂર્વકર્મ અનુસાર સમાધિભાવે પ્રારબ્ધ વેદતાં દીનતા ન કરવી અને આયુષ્યનો શેષ અલ્પકાળ હોઈ આત્મહિતને મુખ્ય કરવું. (૨૫૨)

❀

એક ભવના શેષ કાળને પૂર્વકર્મ અનુસાર વેદી લઈ, તે માટે ભાવીની ચિંતાવશ, નવા માઠા કર્મ ન બાંધવા મુમુક્ષુ જીવનો અભિપ્રાય અને નિર્ણય હોય છે; તેથી ભરણ–પોષણ માત્ર મળે તો તેમાં પણ સંતોષ પામે છે. કારણ કે વિશેષનું કાંઈ પ્રયોજન નથી. તેથી મુમુક્ષુ જીવ મુખ્યપણે આત્મહિતનો જ વિચાર અને ઉદ્યમ કરે. દેહ અને દેહ સંબંધી કુટુંબની મહત્તા માટે પરિગ્રહ અને પ્રવૃત્તિ વધારવાનું સ્મરણ પણ ન થવા દે, નહિ તો આત્મહિતનો અવસર જ ન રહે, તેવો આ કાળ છે. આમાં શિથિલતા કર્તવ્ય નથી. (૨૫૩)

❀

જુલાઈ – ૧૯૮૮

કેવળ અંતર્મુખ થવાનો બોધ શ્રી તીર્થંકરાદિ મહત્ પુરુષોએ ફરમાવ્યો છે, જે સર્વ દુઃખ ક્ષયનો ઉપાય છે. વિશુદ્ધમતિથી અને તીવ્ર પુરુષાર્થથી અંતર્મુખનો પ્રયાસ થવા યોગ્ય છે. મનુષ્ય પર્યાય તે માટે ઉત્કૃષ્ટ અવસર છે; તેમાં પ્રમાદ થાય છે તે ખેદજનક છે. (૨૫૪)

**આગામી જન્મજયંતિ પ્રસંગ**

**પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતિ તા.૨૦-૪-૨૦૧૫, પૂજ્ય સોગાનીજીની જન્મજયંતિ તા.૨૯-૪-૨૦૧૫**



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** નિર્વિકલ્પ દશાના કાળમાં જ્ઞાન દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને જાણે તો પણ તેમાં રાગ ઉત્પન્ન થતો નથી ?

**સમાધાન :–** સાધક ત્રણેના ભેદ નથી પાડતો, નિર્વિકલ્પ દશામાં ભેદ પાડવા બેસતો નથી. તે તો તેને સહજ જાણે છે. પર્યાયનું વેદન ને દ્રવ્યનો સ્વભાવ સહજ એકસાથે તેને અંતરમાં જણાય છે. તે વિકલ્પથી ભેદ પાડવા બેસતો નથી, ઉપયોગ એકસાથે ભેદ પાડ્યા વિના બધું જાણી લે છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૨૯)**

❀

**પ્રશ્ન :–** બુદ્ધિપૂર્વક ભેદ પાડે તો રાગ ઉત્પન્ન થાય ?

**સમાધાન :–** હા; પરંતુ બુદ્ધિપૂર્વક ભેદ પાડતો નથી કે આ ગુણ છે અને આ પર્યાય છે. તે તો સહજ જણાય છે. દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ નથી પાડતો, તેના વેદનમાં સહજ આવી જાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૦)**

❀

**પ્રશ્ન :–** જ્ઞાનીને સવિકલ્પ દશામાં અનેક જાતની વિચારણા ચાલે છે તો તેમાં તેને કર્તૃત્વ નથી હોતું ?

**સમાધાન :–** કોઈ વિચાર કરવાનો અભિપ્રાય તેને છે નહિ. તેને તો જ્ઞાયકની–નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા છે તેની–દઢ શ્રદ્ધા છે. જોકે તેને શ્રુતના વિચારો આવે છે તથા ગૃહસ્થાશ્રમમાં છે તેથી તેને લગતા વિચારો પણ હોય છે, કેમકે તે કાંઈ મુનિ તો થયો નથી–બાહ્ય અને અભ્યંતર સર્વસંગ પરિત્યાગી થયો નથી. તેને શ્રદ્ધામાંથી બધું છૂટી ગયું હોવાથી કોઈ સૂક્ષ્મ વિકલ્પ કે ઊંચામાં ઊંચો શુભ વિકલ્પ–કોઈને ઇચ્છતો નથી. આ રીતે તેને સર્વ પ્રકારે જ્ઞાયકની પરિણતિમાંથી બધું છૂટી ગયું છે. એવી તેની જ્ઞાયકની ધારા છે. છતાં ગૃહસ્થાશ્રમને લગતા વિચારો તેને હોય છે. પણ પુરુષાર્થની દોરી હાથમાં છે. કોઈ જાતના વિચારો મર્યાદા બહાર–જ્ઞાયકની મર્યાદા છોડીને–આવતા નથી, અનંતાનુબંધ થાય એવી જાતના કોઈ વિચારો આવતા નથી. તેને પ્રત્યાખ્યાની અને અપ્રતોયાખ્યાનીરૂપે જ અસ્થિરતાને લગતા વિચારો હોય છે. અશુભમાંથી બચવા તે શુભમાં આવે છે, પણ જ્ઞાયકની ધારા તેને વર્તતી હોય છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૧)**

❀

**પ્રશ્ન :–** જ્ઞાનીને મિશ્રધારા પ્રવર્તે છે. તેમાં આસ્રવના કર્તા–કર્મ આદિ ષટ્કારક પરિણમનમાં કોણ પ્રવર્તે છે ?

**સમાધાન :–** આત્મ પોતે પોતાનો કર્તા છે. જ્ઞાનીને જ્ઞાનમાં કર્તા–કર્મપણું છે, વિભાવનું વિભાવમાં છે. તેને અસ્થિરતા છે તેમાં સ્વામિત્વબુદ્ધિ નથી, તેનું એકત્વબુદ્ધિએ કર્તાપણું નથી. કર્તા–કર્મપણું અસ્થિરતાના પરિણમનની અપેક્ષાએ કહેવાય છે. વાસ્તવિક કર્તાબુદ્ધિ–સ્વામિત્વબુદ્ધિ છૂટી ગઈ છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૨)**

**પ્રશ્ન :–** સમકિતીને કેવા આસ્રવ હોય–તીવ્ર કે મંદ ?

**સમાધાન :–** તવ્ર–મંદ હોય, પણ તે કોઈ એવા હોતા નથી કે તેનું સમ્યગ્દર્શન છૂટી જાય. એવા આસ્રવો તેની પાસે હોતા નથી. તેની ભૂમિકા અંદરમાં જુદી જાતની હોય છે. કોઈ રાગને તે ઇચ્છતો નથી, રાગને ઝેરરૂપે માને છે. તેનો રાગ મર્યાદિત હોય

છે. જ્ઞાયક જ જોઈએ છે, કોઈ રીતે વિભાવ જોતો જ નથી; વિભાવ હેય બુદ્ધિએ છે, ઊંચામાં ઊંચો શુભ ભાવ પણ પોતાનું સ્વરૂપ નથી. એમ જેની પરિણતિ છે ત્યાં અશુભનો ઉદય ક્યાં અસર કરતો હતો ! તેની ભેદજ્ઞાનની ધારા તૂટે-જ્ઞાયકની પરિણતિ તૂટી જાય-એવી જાતના કોઈ ઉદયો તેની પાસે હોતા નથી. તેની પુરુષાર્થની ધારા ચાલ્યા જ કરે છે.

અમુક જાતની ભૂમિકા હોય તો જ સમ્યગ્દર્શન થાય ને ટકે છે, નહીંતર સમ્યગ્દર્શન ટકી શકતું નથી. તે જાતની અંદર પાત્રતા હોય, અંદર વિભાવનો રસ છૂટી જાય, જ્ઞાયકનો રસ અંદરથી પ્રગટ થાય, જ્ઞાયકની એવી મહિમા લાગે તો જ તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન જ્યાં પ્રગટ થયું તેની જ્ઞાતાધારાને ઉદય શું કરી શકે ? **(સ્વાનુભૂતિદર્શન-૪૩૩)**

❀

**પ્રશ્ન :-** ઉદય પાતળા હોય ત્યારે તો લીનતા વિશેષ કરે ને ?

**સમાધાન :-** ઉદય પાતળા હોય ત્યારે લીનતા કરે તેમ નહિ, લીનતા વિશેષ હોય તો ઉદયો પાતળા જ હોય. તેની પુરુષાર્થની ધારા એવી હોય કે તેના ઉદય પાતળા જ હોય. કર્મનો ઉદય મંદ હોય ત્યારે કરી શકે એમ નહિ, પોતાનો પુરુષાર્થ જોરદાર છે માટે ઉદય તેને કાંઈ અસર કરતો જ નથી. જેટલો ગૃહસ્થાશ્રમમાં ઊભો છે તેટલો પોતાના પુરુષાર્થની મંદતાએ ઊભો છે. તે સમજે છે કે આ ક્ષણે છૂટાતું હોય તો મારે સર્વસ્વ રીતે આદરણીય મારો જ્ઞાયક જ છે. સંસારનો કોઈ ભાવ તેને આદરણીય છે જ નહિ. એટલું શ્રદ્ધાનું બળ છે. અંતરશ્રદ્ધામાંથી બધું છૂટી ગયું છે. જો તે શ્રદ્ધાનું બળ તૂટે તો એકત્વબુદ્ધિ થઈ જાય. પણ શ્રદ્ધાનું બળ તૂટતું જ નથી. એટલી જ્ઞાયકની પરિણતિ જોરદાર છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૪)**

❀

**પ્રશ્ન :-** જ્ઞાની ઉદયથી નિરપેક્ષ પોતાની જ ધારામાં રહે છે ?

**સમાધાન :-** જ્ઞાનીને અમુક જાતના ઉદય આવે છે પણ તેનાથી જુદો પોતે જ્ઞાયકપણે જ રહે છે. ઉદય એવો અસર નથી કરતો કે જ્ઞાયકની પરિણતિ તોડી શકે. ઉદય મર્યાદામાં હોય છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૫)**

❀


**પ્રશ્ન :-** અમે તો શુભ પરિણામથી આગળ જઈ શકતા જ નથી, તો શું કરવું ?

**સમાધાન :-** વિકલ્પ વચ્ચે આવે એટલે કે શુભભાવ આવે, પણ શુભની પાછળ તેની ગતિ જ્ઞાયક તરફ રહેવી જોઈએ. વિકલ્પમાં ઊભો છે, એટલે વચ્ચે વિકલ્પ આવ્યા કરે છે; પરંતુ તેની પાછળ શુદ્ધાત્માનું ધ્યેય હોય કે તે કેમ પ્રગટ થાય ? તેવી પરિણતિ અંદરમાં પ્રગટ કરવા માટે પ્રયત્ન કરે તો થાય, વારંવાર તેની પાછળ પડે તો થાય. ન થાય ત્યાં સુધી તે જાતનો પ્રયત્ન કર્યા કરવો. હું જ્ઞાન છું, દર્શન છું એવા શુભ વિકલ્પની પાછળ આત્માનો જ્ઞાનસ્વભાવ છે તેને ગ્રહણ કરવો. ગુણભેદ ઉપર નહિ, એક અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પરંતુ અનાદિનો બહારનો અભ્યાસ થઈ ગયો છે એટલે થતું નથી. મંદ મંદ પુરુષાર્થ કરે તો ન થાય, ક્ષણે ક્ષણે તે જાતનો ઉગ્ર પુરુષાર્થ કરે તો થાય. ક્ષણે ક્ષણે તેનું જીવન જ્ઞાયકમય થઈ જાય તો પ્રગટ થાય.

**(સ્વાનુભૂતિદર્શન-૪૩૬)**

❀

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી-૨૦૧૫)નું શુલ્ક શ્રી બેલાબહેન મહેન્દ્રકુમાર જૈન, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




૩૮૫

મુંબઈ, અષાડ, ૧૯૪૮

**'જોકે અમારું ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે. અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે, તેને વિષે વાણીનું ઊઠવું, સમજાવવું, આ કરવું, અથવા આ ન કરવુ, એવી વિચારણા કરવી તે માંડ માંડ બને છે. ઘણી ક્રિયા તો શૂન્યપણાની પેઠે વર્તે છે; આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે. તે જેમ દુઃખે – અત્યંત દુઃખે –થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરૂપ થવા બરાબર છે. સુગમપણાએ સ્થિત ચિત્ત હોવાથી વેદનાને સમ્યક્‌પ્રકારે વેદે છે, અખંડ સમાધિપણે વેદે છે.'**

આ પત્રમાં કૃપાળુદેવે સ્વયંના પરિણમનના સૂક્ષ્મ (બન્ને) પડખાની સ્પષ્ટતા કરી છે, જે મુમુક્ષુજીવને માટે સ્વયં બોધસ્વરૂપ છે. યથા : 'એક બાજુથી અમારું ચિત્ત નેત્ર જેવું છે, અર્થાત્ નેત્રની જેમ માત્ર જાણવારૂપ, જ્ઞાતાભાવે પરિણામ વર્તે છે. તેથી તે સ્થિતિમાં બોલવું, સમજાવવું કે કાંઈ કરવું ન કરવું તેવી વિચારણા માંડ માંડ થઈ શકે છે. મોટા ભાગની ઉદય-ક્રિયા તો શૂન્યપણાની પેઠે અર્થાત્ શૂન્ય ઉપયોગે-અસાવધાનીમાં થયા કરે છે. તેમ છતાં, બળવાન ઉપાધિયોગ સમાધિભાવે વેદાય છે – ભિન્ન રહીને સમ્યક્‌પ્રકારે વેદાય છે. બીજી બાજુ ઉપરછલ્લો ઉપયોગ દેવો પડે છે, તે અભિપ્રાય અને પુરુષાર્થ-વિરુદ્ધ પ્રવૃત્તિ હોવાથી, ઘણું વિકટ લાગે છે. તે વિકટતા દર્શાવતાં, જેમ આંખ પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થાય તે અત્યંત વિકટ છે, તેમ લાગે છે. જે ચિત્ત રાગ કરવા અશક્ત છે, તે ચિત્તને ઉપાધિ વેદવી અસહ્ય થઈ પડી છે, અર્થાત્ ઉદયભાવમાં વર્તતાં અસહ્ય વેદના થાય છે. આ જ પરિણામની અંતરંગની બીજી બાજુ એવી પણ છે કે ચિત્ત સ્થિરતા સારી હોવાથી ઉક્ત વેદનાને પણ તેઓ સમ્યક્ પ્રકારે વેદે છે, અખંડ સમાધિભાવે વેદે છે.

જ્ઞાની પુરુષની આવી અંતરંગ દશાનો ચિતાર-અંતરમાં ભેદજ્ઞાન (ભિન્નતા)નો પ્રયોગ કરતા આત્માર્થી જીવને, આત્માર્થ સમજવા,-વિશેષ ઉપકારી થાય તેવો છે.

૩૮૭

મુંબઈ, શ્રાવણ, ૧૯૪૮

**'અમને પણ અત્રે ઉપાધિજોગ વર્તે છે; અન્ય ભાવને વિષે જોકે આત્મભાવ ઉત્પન્ન થતો નથી, અને એ જ મુખ્ય સમાધિ છે.'**

આપને વ્યાવસાયિક પ્રવૃત્તિમાં જોડાવું પડે છે તે ઉદયભાવરૂપ અન્યભાવ છે. તેવા અન્યભાવમાં આત્મભાવ ઉત્પન્ન થતો નથી. અર્થાત્ તે તે ભાવોમાં આત્મભાવે-તન્મયભાવે વર્તવાનું થતું નથી; સહજ ભિન્ન રહેવાય છે; એવી જે સ્વરૂપ-પરિણતિ છે તે મુખ્ય છે, અને તે સમાધિભાવે છે. આ જ્ઞાનદશાનો સ્પષ્ટ ચિતાર છે.